# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

Ref no. PN 2025-26/031 Dt. 05/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI અને S.D. Jain International College, સુરત વચ્ચે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુથી MoU થયું

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ, સુરત વચ્ચે શનિવાર, તા. ૦૫ જુલાઈ ૨૦૨૫ ના રોજ સંહતિ, સરસાણા, સુરત ખાતે MoU સાઈન કરાયો હતો, જેમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજના ટ્રસ્ટ રિપ્રેઝન્ટેટીવ ડો.વૈભવ દેસાઈએ હસ્તાક્ષર કર્યા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, 'SGCCI વેપાર અને વાણિજ્યની સાથે-સાથે વિદ્યા ક્ષેત્રમાં ગુણવત્તાયુક્ત (ક્વોલિટી) શિક્ષણ પર સવિશેષ ધ્યાન આપે છે. આ સમજૂતી કરાર હેઠળ આગામી દિવસોમાં એસ.ડી. ઈન્ટરનેશનલ કોલેજના વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીનું પ્રેક્ટિકલ જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે જરૂરી ઈન્ટર્નશીપ અને ભવિષ્યની કારકિર્દીમાં ઉપયોગી રહે તેવું કૌશલ્યયુક્ત રોજગાર સરળતાથી મળી રહે તે માટે ચેમ્બર ઓફ કોમર્સ પ્રયત્નશીલ રહેશે. તેવી જ રીતે દક્ષિણ ગુજરાતના વેપારીઓને એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ કોલેજના પ્રાધ્યાપકો તથા ટેલેન્ટ બેન્ક થકી નવી ટેક્નોલોજી, માર્કેટ અને GMP (Good Management Practise) જેવા વિષયો પર સેમિનાર કરવામાં આવશે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'આ ઉપરાંત, 3I એટલે કે Industry, Institute, Interactions જેવા વિષયો પર એક-બીજાને સહયોગ આપવાના અને સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓને કૌશલ્યવાન બનાવવાના હેતુસર આ MoU કરવામાં આવ્યા હતા.'

આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ ખજાનચી સી.એ. મિતિષ મોદી, એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજના પ્રિન્સિપલ ડો. અદિતી ભટ્ટ, પ્લેસમેન્ટ ડિપાર્ટમેન્ટના હેડ ડો. દર્શના શાહ, ઈન્ટર્નશીપ ડિપાર્ટમેન્ટના હેડ ડો. પ્રિતિ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.